વિસ્તારના ઘાટલોડીયા તાલુકાના,સાબરમતી તાલુકાના
મ.ભો.યો.કેન્દ્રો અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના
પશ્ચિમ વિસ્તારના કેન્દ્રીયકૃત રસોડાના મ.ભો.યો.કેન્દ્રો
કોન્ટ્રાકટની મુદત લંબાવવા બાબત.

ગુજરાત સરકાર
ઠરાવ ક્રમાંકઃ મભય/૧૦૦૬/સીએમ-૧૨૯/પાફા/આર
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તા.૦૨/૦૨/૨૦૧૬

**વંચાણે લીધાઃ-**

(૧) શિક્ષણ વિભાગના તા.૧૧/૬/૨૦૦૭, તા.૨૯/૬/૨૦૧૦ના ઠરાવ ક્રમાંકઃ-મભય/૧૦૦૬/સીએમ-૧૨૯/આર,

(૨) શિક્ષણ વિભાગના તા.૨/૭/૨૦૧૩, તા.૨૪/૭/૨૦૧૪ અને તા.૧૮/૦૬/૨૦૧૫ના ઠરાવ ક્રમાંકઃ મભય/ ૧૦૦૬/ સીએમ-૧૨૯/ પાફા/આર

(૩) કમિશ્નરશ્રી,મ.ભો.યો.નો તા.૫/૧૨/૧૫ના પત્ર ક્રમાંકઃમભય/અમલ/વશી/૨૮૦૩/૨૦૧૫/૧૨૦૬૬-૬૭ અને તા.૧૮/૧૨/૧૫ ના પત્ર ક્રમાંકઃમભય/અમલ/વશી/૩૦૦૪ /૧૨૬૮૦.

ઠરાવ –

ઉપરના સંદર્ભ ક્રમાંક-(૧)(૨)ના ઠરાવથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના પશ્ચિમ વિસ્તારના ૬ કેન્દ્રીયકૃત રસોડા મારફતે ૬૨ શાળાઓના મ.ભો.યો.કેન્દ્રો અને અમદાવાદ જિલ્લાના પશ્ચિમ વિસ્તારના ઘાટલોડીયા તાલુકાના ૧૬,સાબરમતી તાલુકાના-૮ અને દસ્કોઇ તાલુકાના ૮ મ.ભો.યો.કેન્દ્રો મળીને કુલ-૩૨ મ.ભો.યો.નું સંચાલન અક્ષયપાત્ર સંસ્થા,બેગ્લોરને તા.૧૦/૬/૨૦૧૫થી વધુ છ માસ માટે મુદત લંબાવી સોપવામાં આવેલ હતી. કમિશ્નરશ્રી,મ.ભો.યો.ના સંદર્ભ ક્રમાંક-(૩)ના પત્રોથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના પશ્ચિમ વિસ્તારના કેન્દ્રીયકૃત રસોડા મારફતે ૬૫ શાળાઓના મ.ભો.યો.કેન્દ્રો અને અમદાવાદ જિલ્લાના પશ્ચિમ વિસ્તારના ઘાટલોડીયા તાલુકાના ૧૬,સાબરમતી તાલુકાના-૮ અને દસ્કોઇ તાલુકાના ૮ મ.ભો.યો.કેન્દ્રો મળીને કુલ-૩૨ મ.ભો.યો.નું સંચાલન અક્ષયપાત્ર સંસ્થા,બેગ્લોરને સોપવામાં આવેલ હતી.જેની મુદત તા.૯/૧૨/૨૦૧૫ના રોજ પુરી થયેલ હોવાથી તે મુદત વધુ એક વર્ષ માટે લંબાવવા કમિશ્નરશ્રી,મ.ભો.યો.દ્વારા કરવામાં આવેલ દરખાસ્ત સરકારની સક્રિય વિચારણા હેઠળ હતી.

૨/ સરકારશ્રીની કાળજીપૂર્વકની વિચારણાને અંતે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના પશ્ચિમ વિસ્તારના કેન્દ્રીયકૃત રસોડા મારફતે ૬૫ શાળાઓના મ.ભો.યો.કેન્દ્રો અને અમદાવાદ જિલ્લાના પશ્ચિમ વિસ્તારના ઘાટલોડીયા તાલુકાના ૧૬,સાબરમતી તાલુકાના-૮ અને દસ્કોઇ તાલુકાના ૮ મ.ભો.યો.કેન્દ્રો મળીને કુલ-૩૨ મ.ભો.યો. કેન્દ્રોનું સંચાલન અક્ષયપાત્ર સંસ્થા,બેગ્લોરને સોપવા બાબતમાં તા.૧૦/૧૨/૨૦૧૫થી વધુ એક વર્ષ માટે મુદત લંબાવી આપવાનું આથી નીચેની શરતોને આધિન ઠરાવવામાં આવે છે.

શરતો :-

(૧) શિક્ષણ વિભાગના તા.૧૧/૬/૨૦૦૭ના સરખા ક્રમાંકના ઠરાવની બોલીઓ અને શરતોનું પાલન કરવાનું રહેશે.

(૨) મ.ભો.યો.ના લાભાર્થીઓની સંખ્યામાં ૫ % વધારો થાય તે માટે કમીશ્નરશ્રી,મ્યુનીસિપલ કોર્પોરેશન/કલેકટરશ્રી અને અક્ષયપાત્ર સંસ્થા,બેગ્લોર દ્વારા પ્રયત્નો કરવાના રહેશે.

(૩) લાભાર્થીઓનું દરેક ત્રણ માસમાં ન્યુટ્રીશીયન ચેક કરવાનું રહેશે અને બોડી માસ ઇન્ડેકસ (B.M.I.)ના આધારે તપાસણી કરવાની રહેશે.આ અંગેનો અહેવાલ દર ત્રણ માસે મોકલવાનો રહેશે.

(૪) કમી.મ.ભો.યો.એ આ સંસ્થાની કામગીરી બાબતે દર બે મહિને આકસ્મિક તપાસ કરાવીને તેનો અહેવાલ સરકારને મોકલવાનો રહેશે.

(૫) આ સમયગાળા દરમ્યાન કમી.મ.ભો.યો.એ સંસ્થાની કામગીરી અંગેનો મુલ્યાંકન અહેવાલ રજુ કરવાનો રહેશે.

(૬) ઉક્ત બાબતોના અહેવાલ નિયમિત રીતે અને સંતોષકારક મળે તે પછી જ મુદત વધુ સમય માટે લંબાવવા વિચારણા થઇ શકશે.

૩/ આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારની તા.૨૫/૦૧/૨૦૧૬ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મહાવીરસિંહ શેખાવત )
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

--માન.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
--માન.રા.ક.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
-- અગ્ર સચિવશ્રી (શિક્ષણ) ના રહસ્ય સચિવ, સચિવાલય, ગાંધીનગર.
-- કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજનાની કચેરી, ગાંધીનગર.
--નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણ)ની કચેરી,ગાંધીનગર.
--ચેરમેનશ્રી,અક્ષયપાત્ર સંસ્થા,ડેન્ટલ કોલેજ સામે,મું શાતેજ , તલુકો કલોલ,જિલ્લો ગાંધીનગર, પીન કોડ નં.૩૮૨૧૧૫
-- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
-- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
-- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
-- કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન, અમદાવાદ
-- કલેકટરશ્રી, અમદાવાદ.
-- નાયબ કલેકટરશ્રી(મ.ભો.યો.), અમદાવાદ.
-- જિલ્લા વિકાસ અધિકારીશ્રી, અમદાવાદ.
-- કોમ્પ્યુટર સેલ,શિક્ષણ સચિવાલય, ગાંધીનગર (વિભાગની વેબસાઇટ ઉપર મુકવા બાબત.)
-- નાયબ સેકશન અધિકારીશ્રી,
-- સિલેકટ ફાઇલ.